<u>ધોળકાના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં,</u>

<u>મુ. ધોળકા.</u>

ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૨૦૫/૨૦૨૨.

આંક–:૧૭

<u>અરજદાર</u> :– ફકરૂદ્દીનભાઈ અબ્બાસભાઈ

ઉ.વ. ૬૭, ધંધો. ખેતી, ધર્મે. હિન્દું,

રહે. પીસાવાડા, તા. ધોળકા જી. અમદાવાદ.

વિરૂધ્ધ

<u>સામાવાળા</u> :– જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર

તલાટી–કમ–મંત્રીશ્રી,

પીસાવાડા ગ્રામ પંચાયત,

તા. ધોળકા, જી. અમદાવાદ.

અરજદાર તરફે વિ.વકીલશ્રી: એચ. વાય. પટેલ

સામાવાળા તરફે વિ.વકીલશ્રી: કોઈ નહીં

બાબતે : <u>જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ : ૧૩(૩) મુજબ જન્મની નોંધ કરવા બાબતની અરજી.</u>

## –: <u>ઠ રા વ</u> :–

૧. અરજદાર ફકરૂદ્દીનભાઈ અબ્બાસભાઈની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના ભાઇ નામે 'શબ્બીરભાઈ અબ્બાસભાઈ' નો જન્મ તા.૨૦/૦૭/૧૯૬૧ ના રોજ પીસાવાડા, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે તેઓના ઘરે નોર્મલ ડીલેવરીથી થયેલો. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મની નોંધ પીસાવાડા ગ્રામ પંચાયત જન્મ રજીસ્ટરે કરાવેલ ન હોય જેથી હાલમાં તેઓના ભાઇ નો જન્મનો દાખલો કઢાવવા સારૂં આ અરજી

કરી તે મુજબ દાદ માંગેલ છે.

૨. અરજી આવતા તેને ક્રીમીનલ પરચુરણ રજીસ્ટરે નોંધી સામાવાળા ને નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ.

૩. અરજદારની અરજીના સમર્થનમાં સામાવાળા ગીતાબેન ડો./ઓ. મુળજીભાઈ કાપડીયાને આંક- ૬ થી, અરજદાર તરફે સાહેદ નીતાબેન મનોજભાઈ પટેલને આંક-૯ થી, અરજદાર ફકરૂદ્દીન અબ્બાસભાઈ તરફે સર-તપાસ અંગેનું સોગંદનામું આંક-૧૨ થી, સાહેદ હસીના ફકરૂદ્દીન મુસાજી મુલ્લાનું સોગંદનામું આંક- ૧૩ થી તથા સાહેદ સોકરાબેન તાહેરભાઈ જારોલીનું સોગંદનામું આંક-૧૪ થી તથા સાહેદ જેબુનબેન રજ્જબભાઈ મુલ્લાનું સોગંદનામું આંક-૧૫ થી તપાસેલા છે. દસ્તાવેજી પુરાવામાં અપ્રાપ્ય પ્રમાણપત્ર અસલ આંક- ૭ થી, અરજદારના ભાઈ શબ્બીરભાઈ અબ્બાસભાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર આંક-૧૦ થી, ૧૯૭૦ -૧૯૭૪ સુધીના જનરલ રજીસ્ટરની ખરી નકલ આંક-૧૧ થી તથા પુરાવો બંધ કરવાની પુરશીશ આંક- ૧૬ થી રજૂ કરેલ છે.

૪. સદર કામમાં સામાવાળા ગીતાબેન ડો./ઓ. મુળજીભાઈ કાપડીયાએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર ફકરૂદ્દીનભાઈ અબ્બાસભાઈના નાના ભાઈ શબ્બીરભાઈ અબ્બાસભાઈનો જન્મ તા.૨૦-૦૭-૧૯૬૧ ના રોજ થયેલ હોય સને ૧૯૬૧ થી આગળના એક વર્ષ તેમજ પાછળના એક વર્ષનાં જન્મ રજીસ્ટર તપાસતા તેઓના જન્મ અંગેની કોઈ નોંધ અસલ અ રજીસ્ટર જોતા મળી આવેલ નહી. જેથી તેઓની સહીથી ફોર્મ નં.૧૦ તા. ૪ -૧૦ -૨૨ ના રોજ અરજદારને અસલ દાખલો અપ્રાપ્ય પ્રમાણપત્ર આપેલ છે, જે અસલ રેકર્ડમાંથી જોઈ તેઓ તેઓની સહી તથા તેઓની કચેરીનો સિકકો ઓળખી બતાવી જે આંક- ૭ થી રજૂ કરેલ છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, અરજદારની માંગણી મુજબ દાદ મંજૂર કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી. વધુમાં સદર કામે સાહેદ નીતાબેન મનોજભાઈ પટેલે આંક-૯ થી પોતાની જુબાનીમાં જણાવેલ

છે કે, તેઓને કોર્ટના રેકર્ડમાંથી નિ.૩/૨ બતાવવામાં આવતાં તે મણીનગર ગુજરાતી શાળા નં.૬ તરફથી ઈસ્યુ કરવામાં આવેલ શાળા છોડયા અંગેના પ્રમાણપત્રમાં વિદ્યાથીનું નામ વોરા સબીરભાઈ અબ્બાસભાઈ, જે પ્રમાણપત્રનો નં.૫૩ અને ઈસ્યુ કર્યા તા.૧૭–૪–૧૯૮૪ તેમાં વિદ્યાર્થીના જન્મનું સ્થળ મુ.પીસાવાડા, તા. ધોળકા જણાવેલ છે તથા વિદ્યાર્થીનો જનરલ રજીસ્ટર નં.૨૮૬૬ જણાવેલ છે, જે તેઓની શાળામાંથી આપવામાં આવેલ છે, તેમાં તેઓની શાળાના સિકકા અને આચાર્યની સહી તેઓ ઓળખી બતાવી જેને આંક–૧૦ થી રજૂ કરેલ છે તથા જનરલ રજીસ્ટર નં. ૨૮૬૬ થી વોરા સબીરભાઈ અબ્બાસભાઈનાઓનું નામ છે અને તેમના જન્મ સ્થળમાં ગામ– પીસાવાડા લખેલ છે, જેના લાગુ ઉતારાની ખરી નકલ આંક–૧૧ થી રજૂ કરેલ છે. વધુમાં સદર કામે અરજદારે પોતાના આંક–૧૨ ના સર–તપાસ અંગેના સોગંદનામામાં જણાવેલ છે કે, તેઓના નાના ભાઈનો જન્મ તા. ૨૦ –૦૭ –૧૯૬૧ ના રોજ પીસાવાડા, તા. ધોળકા, જી. અમદાવા દ મુકામે તેઓના ઘરે નોર્મલ ડીલીવરીથી થયેલો. પરંતુ જે–તે વખતે કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મની નોંધ બદરખા ગ્રામ પંચાયત જન્મ રજીસ્ટરે કરાવેલ નથી. તેઓના નાના ભાઈ નામે શબ્બીરબાઈ અબ્બાસભાઈના જન્મના દાખલાની વિદેશ જવા મેળવવા પડતા વિઝાની કામગીરી સારૂ જરૂર પડતાં સદરહુ અરજી કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે. વધુમાં સદર કામે આંક– ૧૩ થી સાહેદ હસીના ફકરૂદ્દીન મુસાજી મુલ્લા તથા આંક–૧૪ થી સાહેદ સાકેરા તાહેરભાઈ જારોલી તથા આંકઢ૧૫ થી સાહેદ જેબુનબેન રજ્જબભાઈ મુલ્લાનાંઓએ તેઓના સોગંદનામામાં જણાવેલ છે કે, સદર કામના અરજદા ના નાના ભાઈ શબ્બીરભાઈ અબ્બાસભાઈનું જન્મ પ્રમાણ મેળવવા માટે નામદાર કોર્ટ સમક્ષ જન્મ–મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે. જેમાં તેઓના ભાઈનો જન્મ તા.૨૦–૦૭–૧૯૬૧ નાં રોજ તેઓના ઘરે પીસાવાડા મુકામે નોર્મલ ડીલેવરીથી થયેલ હતો તે તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં તથા તેમના

આધારકાર્ડમાં દર્શાવેલ છે અને તે સમયે તેઓ ત્યાં હાજર હતા, તેથી તેઓને તેઓના જન્મની જાણકારી છે અને તેઓ પીસાવાડા ગામે રહયા ત્યાં સુધી આ તેમના નાના ભાઈશબ્બીરભાઈ અબ્બાસભાઈની તા. ૨૦ –૦૭ –૧૯૬૧ નાં રોજ જન્મદિનની ઉજવણી કરતા અને તેઓના સગા હોવાના નાતે બોલાવતા જેથી તેઓને તેમની જન્મ તારીખની ખબર છે. આમ અરજદારે રજુ કરેલ તમામ પુરાવા ધ્યાને લેતા ફલીત થાય છે કે, અરજદારનાં નાના ભાઈનો જન્મ તા. ૨૦ /૦૭ /૧૯૬૧ ના રોજ પીસાવાડા, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે તેઓના ઘરે નોર્મલ ડીલેવરીથી થયેલ હોવાનું તેમજ તેમનો જન્મ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ ન હોવાની હકીકત ફલીત થાય છે. જેથી અરજદારને હાલમાં તેઓના નાના ભાઈના જન્મના દાખલાની તેઓના નાના ભાઈને વિદેશ જવા મેળવવા પડતા વિઝાની કામગીરી સારૂં જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય, અરજી મંજુર કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**_હુકમ_**

**૧.** અરજદારની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** સામાવાળાએ કાયદેસર લેટ ફી વસુલ લઈ અરજદાર ફકરૂદ્દીન અબ્બાસબાના નાનાભાઈ નામે ''શબ્બીરભાઈ અબ્બાસભાઈ'' નો જન્મ તા. ૨૦ /૦૭ /૧૯૬૧ ના રોજ પીસાવાડા, તા. ધોળકા, જી. અમદાવાદ મુકામે તેઓના ઘરે નોર્મલ ડીલેવરીથી થયેલ હોવાની નોંધ જન્મ રજીસ્ટરમાં કરી જન્મનું પ્રમાણપત્ર નીયમોનુંસાર કાઢી આપવું.

હુકમ આજ તારીખ ૨૪ માહે ઓગસ્ટ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪ / ૮ /૨૦૨૩
મુ. ધોળકા.

(હિતેશકુમાર ગિરીશભાઈ દામોદ્રા )
જજ કોડ– GJ01005
એડિશ્નલ ચીફ જયુ. મેજીસ્ટ્રેટ
ધોળકા.